।। શ્રી આદિનાથાય નમઃ ।। ।। શ્રી સંભવનાથાય નમઃ ।। ।। શ્રી મુનિસુવ્રતસ્વામિને નમઃ ।।
।। સિરસા વંદે મહાવીરં ।। નમો લોએ સવ્વસાહુણં ।।

# સુશીલતા કોર્સ

**[ Level - 1 ]**

શ્રી કલિકાલસર્વજ્ઞ
હેમચન્દ્રાચાર્ય જૈન પાઠશાળા

**શ્રી હાલોલ જૈન સંઘ**

આ કોર્સ બુકનો કે તેના અંશનો ઉપયોગ કોઈ પણ જૈન સંઘ/સંસ્થા/પાઠશાળા કરી શકે છે. અને પોતાની રીતે પ્રકાશિત કરી શકે છે. જેમ આ બુકમાં શ્રી હાલોલ સંઘ અને પાઠશાળાનું નામ છે. તેમ પોતાના સંઘનું નામ અને પાઠશાળાનું નામ ખુશીથી મુકી શકે છે. તે માટે લેખિત કે મૌખિક એક પણ પરવાનગી લેવાની જરૂર નથી. તેમને પ્રકાશન કરવું ફાવે અથવા તો કોઈને આ કોર્સની છૂટક કોપીની જરૂર પડે તે માટે આ QR કોડ ઉપયોગી થશે.

# ❀ શાસન સંકલ્પ ❀

જિનશાસન મારું સર્વસ્વ છે.
જિનશાસનનો ચતુર્વિધ શ્રીસંઘ મારો પરિવાર છે.
જિનશાસનની વિશુદ્ધ આરાધના એ મારો ખરો બિઝનેસ છે.
જિનાશાસનની આત્મામાં પરિણતિ એ મારો ખરો પ્રોફિટ છે.
જિનશાસનનું દરેક અંગ એ મારું ખરું ઘર છે.
જિનશાસનની નિઃસ્વાર્થ સેવા એ મારો ખરો આનંદ છે.
જિનશાસનના નામે બધું જ જતું કરું એ
મારું જિનશાસનનું ખરું સભ્ય પદ છે.
જિનશાસનની ઉપેક્ષા એ મારો ખરો અકસ્માત છે.
જિનશાસનની હીલના એ મારી ખરી નરક છે.
જિનશાસનની ઉન્નતિ એ મારું ખરું સ્વર્ગ છે.

જિનશાસનમાં જિનશાસનથી જિનશાસન માટે
જિનશાસનનો બનીને જીવું એ જ મારું ખરું જીવન છે.

જિનશાસનમાંથી જરાક પણ બહાર નીકળું એ જ મારું ખરું મૃત્યું છે.
પરમ પાવન શ્રીભગવતી સૂત્રમાં કહ્યું છે તેમ –
**एस अट्ठे** – જિનશાસન એ જ અર્થ છે, બાકી બધું મિનિંગલેસ છે.
**एस परमट्ठे** – જિનશાસન એ જ પરમાર્થ છે, મને પરમ લાભદાયી છે.
**सेसे अणट्ठे** – બાકી બધું અનર્થ છે, મારા આત્મા માટે ખૂબ જ ભયાનક છે.

જિનશાસન પરના આક્રમણો સામે હું સિંહની જેમ ધસી જઈશ.
હું મરી જઈશ પણ જિનશાસનને ઉની આંચ નહીં આવવા દઉં,
હું મરી જઈશ પણ જિનશાસનની અપભ્રાજનામાં નિમિત્ત નહીં બનું.
જો હોવે મુજ શક્તિ ઈસી
સવિ જીવ કરું શાસનરસી

વિશ્વના પ્રત્યેક જીવના હૃદયમાં જિનશાસનની પ્રતિષ્ઠા એ મારો સંકલ્પ છે.
વિશ્વભરમાં લહેરાતી જિનશાસનની ધજા એ મારો સંકલ્પ છે.
આ મારો આજીવન સંકલ્પ છે
આ મારું જન્મોજનમનું સ્વપ્ન છે.

# અનુક્રમણિકા


ક્રમ વિષય.......................................................પૃષ્ઠ

**(A) યુનિફોર્મ**....................................................... ૪-૧૨

હું બરબાદ થઈ ગઈ.......................................................૧૦

આખરે શા માટે ? .......................................................૧૦

સ્ત્રીત્વની સ્મશાનયાત્રા.......................................................૧૧

I Accept .......................................................૧૧

Who's Responsibility .......................................................૧૧

બધું જ ખલાસ .......................................................૧૧

ખેલ ખતમ.......................................................૧૨

Now What ??? .......................................................૧૨

ભાવિકોને ભારતીય પોશાકમાં જ પ્રવેશ અપાશે.......................................................૧૨

**(B) પરિધાન .......................................................૧૩-૨૬**

What to Wear ? .......................................................૧૩

પરિધાન-પરિચય.......................................................૧૫

શ્રાવક પરિધાન સ્વરૂપ .......................................................૧૬

શ્રાવિકા પરિધાન સ્વરૂપ.......................................................૧૭

# યુનિફોર્મ

## ટૂંકા સ્કર્ટવાળા યુનિફોર્મ્સથી.... શું ઈઝી થઈ જશે ?
## લર્નિંગ કે ફ્લર્ટિંગ

આપણી દીકરીઓ જે સ્કૂલોમાં જઈ રહી છે, તેમાંથી કેટલીક સ્કૂલોએ ઢીંચણ કરતાં પણ ઉંચા સ્કર્ટ્સને ફરજિયાત યુનિફોર્મ્સ ઠેરવ્યો છે. આટલું ઓછું લાગ્યું. તો સાથે આખા પગ ઢંકાય એવા લેગિન્સ પહેરવા પર પણ પ્રતિબંધ મુક્યો. સ્કર્ટની સાઈઝ જેટલું વસ્ત્ર, જેને સ્ટોકિસ્ટ કહેવાય. જે સાથળો ને ઢાંકેલા રાખે ને જેનાથી કાંઈક શરમ-સલામતી બચી શકે. એને પણ ૫-૭ દિવસ સુધી પહેરવાની પરવાનગી આપી. એટલે કે પછીથી ફરજિયાત એ પણ નહીં પહેરી શકાય. અને પગ ખુલ્લા રાખવા પડશે.

ભલે સ્કર્ટની અંદર બરમૂડો પહેરવા દેવા જેટલી છૂટ આપી હોય છતાં તેય સ્કર્ટના ભાઈ જેવો જ હોય છે. સલામતી તો અધૂરી જ રહે છે.

આપણે કોમન સેન્સથી વિચારીએ તો કોઈ પણ સ્કૂલનું મેનેજમેન્ટ એવા જ રુલ્સ બનાવે. જેનાથી સ્ટુડન્ટનો સ્ટડી અને લર્નિંગ બેટર અને ઈઝી બને. હવે લાખ રૂપિયાનો સવાલ એ છે કે આવા ટૂંકા સ્કર્ટને એમાં સપોર્ટિંગ વસ્ત્ર પર પ્રતિબંધ. આનાથી આપણી દીકરીઓનો અભાયસ સારો કે સરળ થઈ શકે ખરો ?

અંગ્રેજી બેશરમ લોકોની ભાષા છે. માટે દીકરી જેટલી વધુ બેશરમ બને એટલું એનું અંગ્રેજી સારુ થાય એવું. Joking છોડીને આપણે સિરિયસલી વિચાર કરીએ. આવા યુનિફોર્મનું રિઝલ્ટ એક્ચ્યુલી શું આવે ?

(૧) કોઈપણ વ્યક્તિનો અનુભવ છે કે જેમ જેમ કપડાં ટૂંકા/ઓછા

થતાં જાય તેમ તેમ પહેલા તો પોતાના જ મનને માઠી અસર થાય છે, માટે આવા યુનિફોર્મથી દીકરીઓ કોન્સન્ટ્રેશન સાથે ભણી નહીં શકે.

(૨) દીકરીઓએ પોતાની લાજ ઢાંકવા વારંવાર કે સતત કાળજી રાખવી પડશે. આને કારણે પણ તેઓ કોન્સન્ટ્રેશન સાથે ભણી નહીં શકે.

(૩) જો દીકરીઓ આવી કાળજી નહીં રાખે તો આબરૂના ધજાગરા થશે.

(૪) છોકરાઓ પણ આવા યુનિફોર્મવાળી દીકરીઓ સાથે એકાગ્રતાથી નહીં ભણી શકે. મેજોરિટી છોકરાઓને દૃષ્ટિદોષ સતાવતો હોય છે. ૧૦-૧૨ વર્ષની ઉંમરથી એમની સમજણ કેળવવા લાગે છે. આવા વાતાવરણમાં તેમનું મન ચંચળ અને વિક્ષિપ્ર બનવાનું અને પરિણામે તેમનો સ્ટડી બગડવાનો.

(૫) નાની બાળાઓને માટે જ આવો યુનિફોર્મ રખાય તો ય મોટા છોકરા માટે તે વિક્ષેપક બનવાનો તેમનો ય સ્ટડી બગડશે.

(૬) આજે પણ લાખો વાલીઓ એવા છે જેમને એમની દીકરી માટે એ સંસ્કારી વેષ પહેરે એવી લાગણી છે એ લાગણીને ઠેસ પહોંચાડીને આવો યુનિફોર્મ ફરજિયાત ઠેરવવાનો અધિકાર સ્કુલને બિલકુલ મળી જતો નથી.

(૭) કેટલાક વાલીઓને એવી લાગણી છે, કે દીકરીએ ઘરે ભલે શોર્ટ કપડાં પહેર્યા હોય, પણ એ જ્યારે ઘરની બહાર નીકળે ત્યારે એના કપડાં સંસ્કારી જ હોવા જોઈએ. એમાં પણ જ્યારે એ ઘરથી દૂર જાય, ત્યારે તો એનો પોશાક સંસ્કારી જ હોવો જોઈએ. આ લાગણી બિલકુલ વ્યાજબી પણ છે. આ લાગણીને માન આપવું એ કોઈ પણ સ્કૂલની નૈતિક ફરજ છે.

(૮) નાની બાળાઓ સંસ્કારી કપડાઓ પહેરીને પણ ભૂલથી એવું કરી બેસતી હોય છે, જેમાં મર્યાદા ન સચવાય. એવા સમયે ઘરના

વડીલો એને સમજાવતા હોય છે કે આ રીતે ઉઠ-બેસ વગેરે ન કરાય. તો પછી એ બાળા આવા સંસ્કારશૂન્ય વસ્ત્રોમાં કેટલી ભૂલો કરશે ? ને એ ભૂલો જોનારા ઘરના પીઢ વડીલોની જગ્યાએ સમવયસ્ક છોકરાઓ હશે, ત્યારે શું પરિણામ આવશે ? ને એ સમવયસ્ક છોકરાઓમાં કેટલાય છોકરા વંઠેલ અને છાકટા હશે, ત્યારે કેવો ઘાટ ઘડાશે ? શું સ્કુલ મેનેજમેન્ટ પાસે આટલો વિચાર કરવાની પણ કોમનસેન્સ નથી ?

(૯) દીકરીઓ ઘરથી સ્કુલ સુધી પહોંચે ત્યાં સુધીમાં જાત જાતનાં લોકો એમને જોતા હોય છે. જેમનામાં ઘણાની નજર સારી નથી હોતી. ઘણા લુખ્ખા-મવાલી જેવા પણ લોકો હોય છે અને ઘણા શિકાર શોધનારા શિકારી પણ હોય છે. ટૂંકા સ્કર્ટસ દ્વારા આ રીતે દીકરીઓને શિકાર બનાવડાવવાનો અધિકાર સ્કુલ મેનેજમેન્ટને ખરો ?

(૧૦) હાલમાં મનોરંજન અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના બોગસ નામે અગણિત કાર્યક્રમોમાં ટીચર-સ્ટુડન્ટ્સથી માંડીને મા-દીકરા સુધીના વ્યભિચારો બતાવાઈ રહ્યા છે. આ કાર્યક્રમો છોકરા, છોકરીઓ અને ટીચર્સ બધા જ જોતા હોય છે. આવું જોઈ જોઈને તેની માઠી અસર મન પર થતી જ હોય છે, આ સ્થિતિમાં આવા યુનિફોર્મ્સ બળતામાં ઘી હોમવાનું કામ નહીં કરે ?

(૧૧) ટૂંકા સ્કર્ટ પહેરેલી વ્યક્તિએ એની લાજ સાચવા માટે સાથળ પર સાથળ ચડાવીને બેસવું જરૂરી હોય છે. શું સ્કુલના ૬/૮/૯ કલાકના સ્ટડી દરમિયાન દીકરીઓ દ્વારા આ રીતે જ બેસવું પોસ્બિલ છે? દીકરીઓ ટ્રાન્સપોર્ટેશન માટે સાઈકલનો કે બાઈકનો ઉપયોગ કરતી હોય છે. શું તેમાં આ રીતે લાજ ઢાંકીને બેસવું ચાલવું પોસિબલ છે? કેટલીક દીકરીઓને પેરેન્ટ્સ બાઈક પર સ્કૂલે લેવા-મુકવા આવતા હોય છે. આવા યુનિફોર્મમાં એ દીકરી કંઈ રીતે બેસશોસ ? સીધી ? આડી? એકે ય રીતે લાજ સચવાય એમ નથી, ખાનદાન ઘરની કુમળી કન્યાઓને બેઆબરૂ અને બેશરમ બનાવવાનો આથી વધુ ખરાબ રસ્તો બીજો કયો હોઈ શકે ?

(૧૨) ટૂંકા કપડા પહેરનાર અભિનેત્રીઓ જાહેર જીવનમાં રસ્તા પર બજાર વગેરેમાં તેવા કપડાં નથી પહેરતી હોતી. તેઓ બહાર જાય ત્યારે તેમની સાથે બોડીગાર્ડ હોય છે. શું સ્કુલ મેનેજમેન્ટ દરેક બાળા માટે આવી જવાબદારી નિભાવી રહ્યું છે ? શું સ્કુલ બસથી બધી વાતનો નિવાડો આવી જાય છે ?

(૧૩) આખા દેશમાં રોજે રોજ ક્યાંક ને ક્યાંક શિક્ષક દ્વારા/વિદ્યાર્થી વગેરે દ્વારા વિદ્યાર્થીની પર જબરદસ્તી/છેડતી/લફરાના કિસ્સા બની રહ્યા છે. બોયફ્રેન્ડ-ગર્લફ્રેન્ડ કલ્ચર રોજ લાખો કન્યાઓને ચારિત્રભ્રષ્ટ કરી રહ્યું છે. કન્યાઓ પોતે કન્ફેસ કરે છે કે અમારા ગ્રુપમાં કોઈજ ચોખ્ખું નથી. કાચી ઉંમરનું આ કહેવાતું ફ્રી કલ્ચર લગ્ન પૂર્વના અને પછીના ભયંકર સંઘર્ષો, ગર્ભપાતો, બ્લેકમેલિંગ, કોર્ટ કેસો અને પોલીસ કેસો અને છૂટાછેડાના કેસોના ગુણાકારો કરી રહ્યું છે. ત્યારે સ્કૂલ મેનેજમેન્ટની જવાબદારી શીલ અને સંસ્કારો પીરસીને આ પરિસ્થિતીને સુધારવાની થાય છે ? કે આવા અસંસ્કારી યુનિર્ફોમને માથે ઠોકીને આ પરિસ્થિતિને વધુ બગાડવાની થાય છે ?

(૧૪) જેમ જેમ વસ્ત્રો વગેરે વધુ ને વધુ અસંસ્કારી થતું જાય છે, તેમ તેમ બાળકો સાથે Sexual Offences, Rape વગેરેના બનાવો વધતા જાય છે. National Crime Bereau ના આંકડા પણ આ જ વાતને સાબિત કરી રહ્યા છે. ૨૦૧૪માં Crime Against Childrenના incidents ૮૯,૪૨૩ નોંધાયા હતા. ૨૦૧૫માં આ આંકડો ૯૪,૧૭૨ ને આંબ્યો, ૨૦૧૬માં આ આંકડો ૧,૦૬,૯૫૮ ને આંબ્યો, ૨૦૧૮માં ૧,૪૧,૭૬૪ કેસો નોંધાયા અને ૨૦૧૯માં આ આંકડો ૧,૪૮,૧૮૫ એ પહોંચ્યો.

(૧૫) આટલા કેસો નોંધાયા – આમાં 'નોંધાયા' શબ્દ બહુ મહત્ત્વનો છે.કેસો ભાગાકારમાં 'નોંધાતા' હોય છે, ગુણાકારમાં 'થતા' હોય છે.

(૧૬) આ જ રીતે Crime Against Women ના નોંધાયેલા

આંકડા ૧૯૯૫માં ૧,૦૬,૪૭૧, ૨૦૦૦માં ૧,૪૧,૩૭૩, ૨૦૦૫માં ૧,૫૫,૫૫૩, ૨૦૧૦માં ૨,૧૩,૫૮૫, ૨૦૧૫માં ૩,૨૭,૩૯૪ અને ૨૦૧૯માં ૪,૦૫,૮૬૧. આ મુજબ છે. નોંધાયા વગરના કેસો કમ સે કમ અનેગણા હશે, એટલું આપણે સહજ રીતે સમજી શકીએ છીએ. જેમાં આપણી કન્યાઓના કેસો પણ સામેલ છે.

(૧૭) પોપ્યુલેશન વધવાથી આ આંકડાઓ વધ્યા છે. આવી દલીલ પોકળ છે. કારણ કે નેશનલ ક્રાઈમ બ્યુરોનો રિપોર્ટ ચોખ્ખું કહે છે કે Population increased approximately 1.74 times from 1985 to 2019 whereas number of citims of rape is increased 2.34 times & crime against women is increased more than 3.67 times.

(૧૮) ઉપરોક્ત પરિસ્થિતિમાં દરેક મા-બાપ પોતાની દીકરી માટે ચિંતિત છે. છતાં મજબૂરીથી તગડી ફીઓ ભરીને સ્કૂલમાં મોકલે છે, આ પરિસ્થિતિમાં દીકરીઓનો યુનિફોર્મ તેમની સલામતી વધે એવો હોવો જોઈએ ? કે ઘટે એવો હોવો જોઈએ ?

(૧૯) કોરોના અને બીજા પણ વાયરસોથી રક્ષણ મેળવવા શરીર Max. ઢંકાયેલું રાખવું જરૂરી છે, આવું નિષ્ણાતો કહી રહ્યા છે, ત્યારે આ રીતે કન્યાઓને ઉઘાડી કરીને શીલની સાથે આરોગ્યનું જોખમ પણ શા માટે લેવામાં આવે છે ?

(૨૦) મોટી ઉંમરના લોકો પણ ટૂંકા કપડાથી શરદીનો ભોગ બને છે. બાળકો તો બહુ જલ્દીથી શરદીના ભોગ બને છે, આવો ઘણાનો અનુભવ છે. શરદી-કફ-ઈન્ફેકશન-તાવ છે... આ લંગારનો અંત કોરોના કે અન્ય રોગોમાં અને આખા ઘરની ઉપાધિમાં આવી શકે છે. યુનિફોર્મના માધ્યમે આટલી ઉપાધિઓ આપવાનો અધિકાર સ્કુલને ખરો ? વધુ કશું ન થાય તો ય શરદીની જફા તો ખરી જ. શિક્ષણ સાથે આવો કરવેરો કેમ લાદવામાં આવે છે ?

(૨૧) ભારતીય સંસ્કૃતિમાં 'જાંઘ ઉઘાડવી' એ પારિભાષિક વાક્ય

છે, જેનો અર્થ પોતાની શરમજનક અંગત વાતો જાહેર કરવી એ વો થાય છે. પરિભાષાનું તાત્પર્ય એ છે કે જેમ જાંઘ ઉઘાડવી એ શરમજનક છે, ગોપનીય અંગને ઉઘાડું કરવાની ચેષ્ટા છે. જેમ એવું ન કરવું જોઈએ, તેમ શરમજનક અંગત વાતને જાહેર પણ ન કરવી જોઈએ. શું સ્કુલનો ઉદ્દેશ્ય આપણી ભવ્ય વારસા સમી સંસ્કૃતિનું અપમાન કરીને વિકૃતિનો પ્રચાર કરવાનો હોય છે ?

ભારતભરના સ્કૂલ મેનેજમેન્ટ્સે આ એકવીસ મુદ્દા પર સિરિયસલી વિચાર કરી યુનિફોર્મને સંસ્કારી બનાવવાની તાતી જરૂર છે. સરકારે સરકારી કે ખાનગી દરેક શાળા માટે આ અંગેના કડક કાયદા બનાવવાની જરૂર છે. ને જો મેનેજમેન્ટ્સ કે સરકાર આવું કશું ન કરે તો જાગૃત વાલીઓએ તેમને જગાડવાની જરૂર છે. બેટી બચાવો અભિયાનનો આ પણ એકભાગ બનવો જોઈએ. નહીં તો બેટી બચે એવી પોસિબિલિટ બહુ ઓછી છે.

જો તમે દીકરીના મા-બાપ હો તો આ વાત તમારા માટે જ છે. જે સ્કુલને તમે લાખો રૂપિયા ચૂકવો છે, જે સ્કુલ તમારા ડોનેશન્સ અને ફીથી જ ચાલે છે. એ સ્કુલો તમારી દીકરીને બેશરમ બનાવ એવા યુનિફોર્મનો આગ્રહ રાખે અને તમે જોયા કરો છો ? હા જી હા કરો છો ?

દીકરી ઘરેથી આટલે દૂર આવા કપડાં પહેરીને જશે - તમને પોસાશે ? કેટકેટલાક લુખ્ખા-મવાલી જેવા લોકો એના પર નજર બગાડશે - તમને વાંધો નથી ? સ્કૂલમાં જાત જાતના છોકરાઓ ભેગા થયા હોય છે. એમની વચ્ચે તમારી દીકરી આટલા જોખમી કપડામાં રહેશે - તમને બરાબર લાગે છે ?

યા મેનેજમેન્ટને ફરજ પાડો કે સંસ્કારી યુનિફોર્મ રાખે, યા માયકાંગલાપણું છોડીને દીકરીને ઉઠાવી કોઈ સારી સ્કુલમાં મુકો. જેનામાં આટલો ય વિવેક નથી, તેઓ તમારી દીકરીનો શું ઉદ્ધાર કરવાના હતા ?

છેલ્લી વાત દીકરીના વાલીઓને, એક બાજુ તમે દીકરીની ચિંતાથી બી.પી. અને ડાયાબિટીસ વધારી રહ્યા છો, ને બીજી બાજુ આટલી હદના બેહુદા યનિફોર્મના ઓર્ડર સામે આંખ મીંચીને હા જી હા કરો છો, તો શું આ મૂર્ખામી નથી ? શું તમે સ્કુલની દયાથી ફી માફીમાં તમારી દીકરીને ભણાવો છો ? કે પછી ભારે ફી ચૂકવીને અને બીજા ય જાત જાતના ખર્ચા કરીને ભણાવો છો ? જ્યારે તમે પૂરી કિંમત ચૂકવો છો ને છતાં સંસ્કારી-સલામત યુનિફોર્મની માંગણી નથી કરી શકતા, તો તમારે એની એટલી ભારે કિંમત ચૂકવવી પડશે, કે જે તમારાથી ઇફયિ જ નહીં થાય.

***''निंद निशानी मोत की, जाग सको तो जाग''***

***Please Awake, Save Your Daughter***

## હું બરબાદ થઈ ગઈ

હું ૨૪ વર્ષની યુવતી છું. હું જે સ્કુલમાં ભણી ત્યાં અમારે યુનિફોર્મ તરીકે ટૂંકુ સ્કર્ટ પહેરવાનું હતું. રસ્તા પર તો લોકો નજર બગાડતા જ. સ્કુલમાં પણ છોકરાઓ મને ખરાબ નજરથી જોતા. કેટલાંક છોકરા ગંદી કમેન્ટ્સ કરતા . મારા ગ્રુપના અમુક છોકરાઓએ વાત-વાતમાં અડવાની છૂટ લેવા માંડી. આમ પણ હું સમજણમાં આવી ગઇ હતી. મને ખબર હતી કે આ ખોટું થઇ રહ્યું છે. પણ મને એ ગમતું હતું. શરૂ શરૂ માં મેં થોડો ઓપોઝ કર્યો , પણ પછી હું હસી હસી ને એવું જ જતાવવા લાગી કે I like this. Keep it up. હું ઘણીવાર પર્પસલી વાતે વળગતી – નજીક જતી – કે એ મને અડે . રિઝલ્ટ એ જ આવ્યું જે આવી શકે. સાત છોકરા સાથે મારા અફેર્સ ચાલુ થયા . વાત ફેલાઈ. હવે તેઓ કે બીજા કોઈ મારી સાથે મેરેજ કરવા તૈયાર નથી. ટૂંકા સ્કર્ટ્સ થી મારો સ્ટડી પણ બગડ્યો ને મારી જીંદગી પણ બગડી.

## આખરે શા માટે?

આમ પણ ક્લાસના મેજોરિટી છોકરા બ્લ્યુ ફિલ્મ્સ જોતા જ હતા. એ જોઇ જોઇને પછી તેઓ ઓફ-લાઇનમાં આવું કંઇક શોધ્યા કરતા હતા. આ સિચ્યુએશનમાં એમને અમારા ટૂંકા સ્કર્ટનો યુનિફોર્મ ખૂબ માફક આવ્યો. અમે સગી આંખે એમની ગંદી નજર જોઇ. રૂમે સગા કાને અમારા બોડી-પાર્ટ્સ પરની એમની ગંદી કમેન્ટ્સ સાંભળી. એમણે નાગા જેવા દૃશ્યો આપનારી એક્ટ્રેસોના નામોથી અમને બોલાવવાનું ચાલુ કર્યું. અમે બેસીએ, ઉઠીએ કે કંઇક એક્ટીવીટીસ માં જોઇન થઇએ ત્યારે એમની નજર ક્યાં મંડાયેલી હોય, ને શેના માટે એની અમને બધી જ ખબર હતી. અમે શરીર વેંચનારીઓ નથી. અમે સંસ્કારી ઘરની સુશીલ કન્યાઓ છીએ. અમને આટલી શરમજનક સ્થિતિમાં મુકવાનો સ્કુલ મેનેજમેન્ટનો શું અધિકાર છે ?

# સ્ત્રીત્વની સ્મશાનયાત્રા

પહેલા દિવસે તો આવું ટૂંકું સ્કર્ટ પહેરીને રોડ પર ને સ્કુલમાં જતાં બહુ જ શરમ આવતી હતી. ઘડી ઘડી એમ મન થતું હતું કે હું એને ખેંચી ખેંચીને નીચે કરું ને મારા પગ ઢાંકું.. પણ .. એ શક્ય ન હતું.

બીજા દિવસે ય બહુ જ શરમ આવી.. આટલા છોકરાઓ વચ્ચે- સ્કુલ-સ્ટાફની સામે.. ત્રીજો દિવસ.. ચોથો .. પાંચમો.. ને ધીમે ધીમે મારી શરમ ઓછી થતી ગઇ. મહિના પછી તો મને બિલકુલ શરમ ન રહી. હું છોકરાઓની સામે ઉભી રહેતી. ચાલતી. દોડતી- એમને તાળીઓ આપતી, તેઓ ય મારા શરીરને જોતા.. મને કોઇ ફરક જ નતો પડતો. સ્કુલ-યુનિફોર્મ મને શરમ છોડાવી એટલે બીજા ડ્રેસમાં પણ હું બેશરમ બની. મને એવું લાગ્યું કે હું સુધરી ગઇ. મોર્ડન અને આલ્ફા બની ગઇ, પણ મેરેજ પછી મને દાંપત્યજીવનમાં ખૂબ મુશ્કેલીઓ આવી. લાખોના ખર્ચા પછી ય હું મા બની શકું તેમ નથી. સ્પેશ્યિાલિસ્ટનું કહેવું છે કે.. શરમ થી અમુક પ્રકારના સ્ત્રીહોર્મોન્સ ટકી રહે છે. તમારા માં એ નથી.

## I ACCEPT

હું કબૂલ કરું છું કે આ દુષ્કર્મ મેં કર્યું છે. એ મારી સ્ટુડન્ટ હતી. ભણાવતી વખતે એનું ટૂંકુ સ્કર્ટ મને ઘણું એટ્રેક્ટ કરતું હતું. હું એને ડિફિકલ્ટીસ હોય તો પૂછવા આવજે- એવું કહ્યા કરતો હતો.

હું એની રાહ જોતો. એ આવે ત્યારે એના શરીરને ખૂબ એટેચમેન્ટથી જોતો. મને ખૂબ ઉશ્કેરાટ થતો.

તે દિવસે મેં એને ટોપ ફ્લોર પર ડિફિકલ્ટી પૂછવા બોલાવેલી, એ આવી. આખા ફ્લોર પર અમે બે જ હતા. પળે પળે મારી એક્સાઇટમેન્ટ વધી રહી હતી. છેવટે હું મારા પર કાબુ ન રાખી શક્યો અને..

મેં ખોટું કર્યું છે. મારો અપરાધ છે જ, પણ જો આવો વિકારી યુનિફોર્મ ન હોત, તો હું આ બધાથી બહુ સહેલાઇથી બચી શક્યો હોત. હું ઇચ્છું છું કે ટિચર્સ અને છોકરાઓનો વિચાર કરીને છોકરીઓનો યુનિફોર્મ સંસ્કારી રાખવામાં આવે.

## WHO'S RESPONSIBILITY

છોકરી હજી તો સ્કુલમાંથી આવીને ટી.વી. જોવા બેઠી હતી. સાથે એના દાદા ય ટી.વી. જોતા હતા. ઘરમાં બીજું કોઇ ન હતું. દાદાએ ટી.વી. પરથી નજર ઉઠાવી એના પર નજર કરી, પછી દરવાજો બરાબર બંધ કર્યો. પછી થોડી ચીસાચીસ થઇ.. પછી રડવાનું ચાલુ થયું. સ્કુલના ભડકાવનારા યુનિફોર્મે સગા દાદાને ય અભડાવી નાંખ્યા, તો બીજા તો કોણ બચી શકે ?

શું સ્કુલ મેનેજમેન્ટ આવી ઘટનાની કોઇ જવાબદારી લેવા તૈયાર છે ખરું ?

# બધું જ ખલાસ

સ્કુલ બસમાંથી બાકીના બધા જ સ્ટુડન્ટ્સ ઉતરી ગયા હતા. એ છેલ્લી બચી હતી. એને લાગ્યું પણ .. કે આજે કેમ આ રસ્તે..પણ એને થયું કે રોજના રસ્તે કામ ચાલતું હશે. ત્યાં તો બસ ઉભી રહી. આજુ-બાજુ દૂર સુધી કોઇ ન હતું. એ બારીમાંથી બહાર જોઇને કંઇક કલ્પના કરતી હતી, ત્યાં તો ડ્રાઇવર અને એ માણસ બંને એની પાસે આવ્યા. એ લૂંટાઇ ગઇ, ને બહુ ખરાબ રીતે લૂંટાઇ. ડોક્ટરો ટ્રાય તો કરી રહ્યા છે.. પણ..ખરાબ યુનિફોર્મે બિચારીની જિંદગી ખરાબ કરી નાંખી , હવે કદાચ એ ખરાબ મોતે મરશે.

# ખેલ ખતમ

હવે  કાયદા એવા છે કે સ્કુલે તદ્દન જુદી જાતિના છોકરાઓને ય એડમિશન આપવું જ પડે. ના ન પાડી શકાય.

એક તો એવા છોકરા ને બીજી બાજુ સારા છોકરાને ય ખરાબ બનાવી દે એવા ગંદા યુનિફોર્મ્સ. એ ટોળકીમાં એક કોમ્પિટીશન ચાલે છે, કોણ વધારેમાં વધારે છોકરીઓને ફસાવે ને એમને પૂરે પૂરી  ભ્રષ્ટ કરી દે.

ફોન પર ગંદામાં ગંદુ જોઈ જોઈને એ છોકરાઓની વાસના તો બરાબર ભડકેલી જ હતી. એમાં  સ્કુલે આવા યુનિફોર્મ્સથી આગળનું કામ કરી આપ્યું. છોકરા કરતા યુનિફોર્મનો દોષ વધારે છે, યુનિફોર્મ  કરતા સ્કુલ-મેનેજમેન્ટનો દોષ વધારે છે , એના કરતા પણ વાલીનો દોષ વધારે છે કે આવી સ્કુલમાં પોતાની દીકરીને બરબાદ કરવા માટે મુકી.

## NOW  WHAT???

હું  તો પહેલા જ કહેતો હતો કે આવા યુનિફોર્મવાળી સ્કુલમાં મારે એને નથી મુકવી. મારી દીકરી વેશ્યા નથી કે આખા ગામને એની જાંઘ બતાડે. તને ખબર છે સ્કુલમાં કેવા કેવા છોકરા આવતા હોય છે ? તને ખબર છે  આપણી આસપાસમાં કેવા બનાવો બની રહ્યા છે? પણ તું ન માની. આવી નાંખી દેવા જેવી સ્કુલ તને મોડર્ન લાગી . હવે તો  આવું બધું ચાલે- આટલી વાતથી તે બધું ભીનું સંકેલી લીધું. હવે એબોર્શનનો ટાઇમ પણ જતો રહ્યો છે. પડોશીઓને ખબર પડી ગઇ છે. સ્કુલમાંથી ય ફોન આવે છે. બોલ, હવે શું કરવાનું?

# ભાવિકોને ભારતીય પોશાકમાં જ પ્રવેશ અપાશે.

આથી મંદિરમાં મર્યાદાભંગની પરિસ્થિતિ ન સર્જાય તે માટે શિર્ડી સાઈ સંસ્થાન દ્વારા ડ્રેસકોડ લાગુ કરવામાં આવ્યો છે. અને તે બાબતનું બોર્ડ પણ મરાઠી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં મૂકવામાં આવ્યું છે.

મંદિરમાં દર્શનાર્થે આવતાં લોકો જીન્સ-ટી શર્ટ તો ક્યારેક બરમૂડા પહેરીને પણ દર્શન માટે આવતાં હોય છે. છેલ્લા કેટલાક દિવસથી અનેક ભાવિકો નાના કપડાં પહેરીને મંદિરમાં આવતા હોવાની પણ પણ અનેક ફરિયાદો હતી. આથી મંદિરમાં આવતા તમામ ભક્તો સભ્ય અર્થાત જ ભારતીય સંસ્કૃતિનુસાર પોશાક પહેરીને મંદિરમાં આવવું, એવું મંદિર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. આથી હવે શિર્ડી સાઈ દર્શને જતાં ભાવિકોએ પારંપરિક ભારતીય વસ્ત્રો જ પહેરવા એ એક ઉત્તમ બાબત રહેશે. અને મંદિરમાં પણ પવિત્રતાનું વાતાવરણ છવાયેલું રહેશે.

જીવન પણ એક મંદિર છે,<br>
એને અભડાવવાને બદલે<br>
પવિત્ર રહેવા દો ને?<br>
ખરેખર, જીવનનો સાચો આનંદ આવશે

# પરિધાન

## What to Wear ?

'શું પહેરવું ?'

આનો જવાબ શોધવા

સ્ક્રીન ઉપર દેખાતા શીલભ્રષ્ટ દુર્ગતિગામી નર-નારીને જોવા,

ઘેટા-બકરાના પ્રવાહમાં તણાતા લોકોને જોવા,

ઔચિત્ય અને આત્મહિતની બાબતમાં

'ઢ' જેવા માણસોના મોઢા જોવા,

એના કરતા

અનંત કરુણાસાગર, પરમ વત્સલ આપણા એકાન્તે હિત-ચિંતક

એવા પ્રભુના મુખને જ કેમ ન જોવું ?

**'કહો ને પ્રભુ !**

**આપ શું કહો છો ?**

**આપ જે કહેશો એ જ હું પહેરીશ... '**

યાદ આવે મીરાંબાઇ,

**જો ખિલાયે સો હી ખાઉં, બિઠાયે વહા બિઠ જાઉં,**

**જો પહનાવે તિતહી પહનું, બેચે તો બીક જાઉં**

પ્રભુ ! આપ જે ખવડાવશો એ ખાઇશ,

જ્યાં બેસાડશો ત્યાં બેસીશ,

જે પહેરાવશો એ પહેરીશ,

અને જો મને વેંચશો

તો હું વેંચાઇ જવા પણ તૈયાર છું.

**પ્રભુની આજ્ઞાથી જે પહેરશું**

**એ સદ્ગતિનો પાસપોર્ટ બની જશે.**

**એ પરમ સુખનો વીઝા બની જશે.**

**પ્રભુની આજ્ઞા વિરુદ્ધ જે પહેરશું**

**તે નરક વગેરેની યાતનાનું રિઝર્વેશન બની જશે.**

ચાલો,

પ્રભુને જ પૂછીએ,

પ્રભુ પહેરાવે એ જ પહેરીએ

અને સુખી થઇ જઇએ.

★

# પરિધાન - પરિચય

**नियभूमिगाणुरुवो वेसो सुस्सावगाण उचिउ त्ति ॥14॥**

**સુશ્રાવકો માટે નિજ-ભૂમિકાને અનુરૂપ વેષ જ ઉચિત છે.**

જે વેષ આપણી પવિત્ર કુળ પરંપરાનો નથી.
જે વેષ બધું ખાનારા-પીનારા-શીલભ્રષ્ટ લોકોનો છે,
એ વેષ આપણાથી કેવી રીતે પહેરાય ?

## For Example

માછીમારોનો વેષ પહેરવાથી આપણું ગૌરવ રહે ખરું ?
તો આ લોકો (યુરોપિયન વગેરે) તો
એમનાથી ય જાય એવા છે,
તો પછી એમનો વેષ કેવી રીતે પહેરાય ?

कुलदेसाण विरुद्धो वेसो, रन्नो वि कुणइ णो सोहं ।
वणियाण विसेसेणं, विसेसओ ताण इत्थीणं ॥15॥

જે વેષ કુળથી વિરુદ્ધ છે,
જે વેષ દેશથી વિરુદ્ધ છે,
એવો વેષ રાજા પણ પહેરે તો એની ય શોભા રહેતી નથી.
તો પછી જેઓ વણિક્ છે,
તેમની તો વિશેષથી શોભા ન રહે
એમાં ય તેમની પત્ની-દીકરી-બહેન વગેરે એવું પહેરે
તો એમની તો બિલકુલ શોભા ન રહે,

## In Short

આવો વિચિત્ર-વિકારજનક વેષ પુરુષોએ પણ ન પહેરાય
તો સ્ત્રીઓએ તો ક્યાંથી પહેરાય ?

# શ્રાવક પરિધાન સ્વરૂપ

संतलयं परिहाणं, ज्झलंब चोडाइयं च मज्झिमयं ।
सुसिलिट्ठमुत्तरीयं, धम्मं लच्छिं जसं कुणइ ॥16॥

જેમાં પહેરેલા પરિધાનનાં છેડાથી જ કચ્છો કરીને
ફરી સંકોચિત કરીને કમર પર વીંટીને
પાછળના ભાગે ગાંઠ કરવામાં આવે
અથવા તો મલ્લ વગેરેની જેમ પહેલા આગળનાં ભાગે ગાંઠ કરીને પછી
બીજા છેડાથી કચ્છો કરાય
તેને સંતલક- ખાસ પદ્ધતિથી પહેરેલ ધોતી કહેવાય.
શ્રાવકે નીચેના ભાગે આવું પહેરવું જોઇએ.
તેની ઉપર અંગિકા નામનું વસ્ત્ર પહેરવું જોઇએ
અંગિકા વસ્ત્ર ઢીલું હોય છે.
ધોતીનાં ઉપરના ભાગને ઓળંગીને રહેલું હોય છે.
આ વસ્ત્ર બાહુ, પીઠ, પેટ વગેરે મધ્યમ અંગને ઢાંકે છે
એટલે શરીરના વચલા ભાગને ઢાંકે છે
તેના ઉપર દ્રઢ ખેસ હોય આ શ્રાવકનો વેષ છે.
સામાન્યથી આ વેષની વ્યાખ્યા કરવી હોય.
તો આપણી ભાષામાં - ધોતી, ઝભ્ભો /અંગરખું અને ખેસ
આ શ્રાવકને વેષ છે એમ કહી શકાય.
આવું વસ્ત્ર પહેરવાથી ધર્મરક્ષા થાય છે, લક્ષ્મી મળે છે તથા વધે છે. અને
ઉજ્જ્વળ યશ પ્રાપ્ત થાય છે.

# શ્રાવિકા પરિધાન સ્વરૂપ

परिहाणमणुब्भड, चलणकोडिमज्जायमोसरंतं तु ।
परिहाणमक्कमंतो य, कंचुओ होइ सुसिलिट्ठो ।।17।।
पच्छायंतं अंगं, सुसिलिट्ठ उत्तरिज्जमणुरुवं ।
विकियं तव्विवरीयं वज्जइ जिणभवणमाईसु ।।18।।

★

શ્રાવિકાનું પરિધાન ઉદ્ભટ ન જ હોવું જોઇએ.
તેમાં તે રીતે બંધન-ટાઇટનેસ ન હોવી જોઇએ
જેનાથી એક પણ અંગ ઉપસીને
આંખે ઉડીને વળગે એ રીતે દેખાય.
નીચે પહેરવાનું વસ્ત્ર પગનાં અંગૂઠાને પણ ઢાંકી દે
ત્યાં સુધીનું હોવું જોઇએ.
શ્રાવિકાએ ઉપરના ભાગમાં કંચુક પહેરવો જોઇએ.
જે નીચેના વસ્ત્રના ઉપરના ભાગને ઢાંકી દે,
જેથી કમર વગેરેનો આકાર પણ ન દેખાઇ શકે,
તથા જે હાથને પણ છે'ક કાંડા સુધી ઢાંકી દે,
તે કંચુક ઝીણા પતલા કપડાંનો નહીં,
પણ જાડા કપડાનો બનેલો હોવો જોઇએ.
એની ઉપર ઉત્તરીય વસ્ત્ર પહેરવું જોઇએ.
જે માથાથી માંડીને પગ સુધીના શરીરને એકદમ સારી રીતે ઢાંકી દે.

प्रकर्षेणादृश्यतां नयन्

જે આખા શરીરને અત્યંત અદૃશ્ય બનાવી દે

આ ઉત્તરીય વસ્ત્ર પણ પતલા કાપડનું નહીં,

પણ એકદમ જાડા કાપડનું હોવું જોઇએ,

આવું જ વસ્ત્ર શ્રાવિકા માટે ઉચિત છે.

જે શ્રાવિકા આવું વસ્ત્ર પહેરે તેના ધર્મની રક્ષા થાય છે,

તેને સંપત્તિની પ્રાપ્તિ થાય છે અને તેની સંપત્તિની વૃદ્ધિ થાય છે,

તથા તે ઉજ્જ્વળ યશ પામે છે.

★

જે વેષ આવો ન હોય, તેને વિકૃત વેષ કહેવાય.

યા જેમાં શરીરનું એક પણ અંગ ઉઘાડું રહેતું હોય,

યા ઝીણા/પતલા કપડાના કારણે ઉઘાડા જેવું રહેતું હોય,

યા ચુસ્ત હોવાના કારણે અંગો ઉપસવાથી આંખે ઉડીને વળગતા હોય.

In Short - જેમાં Direct કે Indirect,

ઓછું કે વત્તુ દેહપ્રદર્શન થતું હોય, એ વિકૃત વેષ છે.

કેમ ?

**मदनोद्दीपकत्वात् शिष्टोपहास्यत्वाच्च**

કારણે કે આવા કપડાં પહેરવાથી પોતાની અને

બીજાની જાતીય ઉશ્કેરણી થાય અને શિષ્ટજનોમાં ઉપહાસપાત્ર થવાય

જેઓ સમજુ છે, તેઓ બરાબર સમજે કે જે ખાનદાન હોય, સુશીલ

હોય, શાલીન હોય, તે આવું ન જ પહેરે.

જે નિન્દ્ય કુળના હોય, કુલટા હોય, બદ્ચલન હોય તે જ આવા કપડાં

પહેરે માટે એવા વિકૃત વેષનો ખાસ ત્યાગ કરવો જોઇએ.

તેમાં પણ જ્યારે દેરાસર/ઉપાશ્રય/ ધર્મ પ્રસંગ/ તીર્થ વગેરેમાં જવાનું
હોય, ત્યારે તો તેવા કપડાનો ખાસ ખાસ ત્યાગ કરવો જોઇએ.
નહીં તો દેવ-ગુરુની ભયંકર આશાતનાનું પાપ લાગે
ધર્મીજનો જેઓ ધર્મસ્થાન / ધર્મપ્રસંગ વગેરેમાં
પવિત્રતા પામવા આવે છે.
તેમની જાતીય ઉશ્કેરણીનો પ્રયાસ કરવા દ્વારા
ભયાનક પાપ બાંધવામાં આવે છે.

**अनुचितस्य सर्वत्रापि परिहार्यत्वात् ।**

વિકૃતવેષ અનુચિત જ છે
તે ક્યાય પણ ન જ પહેરાય
ઘરે પણ ન પહેરાય

**विशेषतश्च चैत्यादौ**

તો પછી દેરાસર, ઉપાશ્રય, તીર્થ, ધર્મપ્રસંગ
એમાં તો ક્યાંથી પહેરાય ?
ત્યાં તો સુતરાં એવા કપડા ન જ પહેરાય.

**लंखस्स व परिहाणं, गसइ व देहं तहंगिया गाढा ।**
**सिरवेढो टमरेण, वेसो एसो सिडिंगाणं ॥19॥**

જે કપડાં જોકર જેવા હોય,
નીચેના કપડાં એવા ચુસ્ત પહેર્યા હોય
કે સાથળ વગેરે પર ચપોચપ આવી જાય,
ઉપરનું વસ્ત્ર પણ જાણે શરીરને ગ્રસી જતું હોય,
એવું ચુસ્ત પહેર્યું હોય
માથે પણ બહુ જ ધ્યાનાકર્ષક વસ્ત્ર વીંટ્યું હોય

આ બધો દુશ્ચરિત્રનો -દુરાચારીનો વેષ છે.
માટે પુરુષે પણ જિન્સ વગેરે ન જ પહેરવું જોઇએ.

★

**असिलिट्ठु निविबंधो, चूडा संफुसइ पायनहरेहं।**
**जंघद्धं उग्घाडं, परिहाणं हवई वेसाणं ॥20॥**

જેમાં વસ્ત્ર પડી જવાની / આઘું પાછું થવાની કે અંગ ઉઘાડું થવાની સંભાવના રહે એ રીતે નાડાની ગાંઠ વગેરે બરાબર ન બાંધી હોય, અથવા તો કપડા જે એવા પ્રકારના હોય, જેમાં આવી કોઇ પણ સંભાવના હોય, એવા લટકણિયા પગના નખને અડતા હોય જે બધાનું ધ્યાન ખેંચે. ઉપલક્ષણથી સારા સારા માણસની ય દષ્ટિ પડ્યા વિના ન રહે અને મન બગડ્યા વિના ન રહે, એવા કપડા પહેર્યા હોય,
વળી જેમાં અડધા પગ ખુલ્લા રહેતા હોય, કે એક વેંત જેટલા ય પગ ખુલ્લા રહેતા હોય,

**लोकरुढपिण्डिकार्धम्।**

કે પગની પિંડીનો અડધો ભાગ પણ ખુલ્લો રહેતો હોય.

**परिहाणं हवइ वेसाणं**

આવા કપડાં તો વેશ્યાનાં હોઇ શકે
ખાનદાન ઘરની વહુ/દીકરીનાં નહીં.
અમે ભલે એવું પહેરીએ, પણ અમે વેશ્યા નથી
આવી દલીલ પોકળ છે,
જે સુશીલ હોય, જેનું મન પવિત્ર હોય
એ જરાક પણ દેહપ્રદર્શન શા માટે કરે ?
એને એવું ગમે જ નહીં.

એક પણ પુરુષ પોતાના પર નજર બગાડે
એને એવું હરગીઝ મંજૂર ન હોય,
ગામ આખું નજર બગાડે ને છતાં જેને કોઇ વાંધો ન હોય, એ તો વેશ્યા જ હોઇ શકે.

**सिहणाण मग्गदेसो, उग्घाडो नाहिमंडलं तह य।**
**पासा य अद्धपिहिया, कंचुओ सहइ वेसाणं ॥21॥**

જેમાં છાતી ઓછી-વત્તી પણ ઉઘાડી રહેતી હોય,
જેમાં નાભિનો ભાગ ઉઘાડો રહેતો હોય,
જેનાથી પડખા પણ બરાબર ઢંકાયા ન હોય,
જેમાં અંગપ્રદર્શન થાય
જેમાં સીધી કે આડકતરી રીતે ય અંગો દેખાતા હોય,
આવા કપડા તો વેશ્યાને જ શોભે

**कंचुओ सहइ वेसाणं।**

વેશ્યા શબ્દ ભારે લાગે
અને દેહપ્રદર્શન કરતા વસ્ત્રો ન છોડવા હોય
આ આત્મવંચના છે
એટલે કે પોતાને જ છેતરવાની પ્રવૃત્તિ છે.
'સન્નારી' કહેવડાવવું હોય
તો સન્નારીનો જ વેષ પહેરવો જોઇએ,
તે માટે અહીં કહેલ વેષ મર્યાદાને સજ્જડ રીતે અપનાવ્યા સિવાય કોઇ વિકલ્પ જ નથી.

**कुंकुमरसपिंजरियं, अंगं काऊण गहिय आहरणं।**
**मंकणय पाउयंगी, कुलवहु कह जाउ जिणभवणे ? ॥22॥**

શરીરપ્રદર્શન થાય એ રીતે મેકઅપ કરીને
જાતીય ઉશ્કેરણી થાય એ રીતનો શણગાર કરીને
શરીર દેખાય એવા પાતળા વસ્ત્રો પહેરીને
ખાનદાન ઘરની દીકરી/વહુ જિનાલયમાં શી રીતે જાય ?
ઉપલક્ષણથી ઉપાશ્રય /તીર્થ / ધર્મપ્રસંગમાં પણ શી રીતે જાય ?
ન જ જાય.

**तम्हा विलयं वेसं परिवज्जइ सावओ किमच्छरियं ।**
**नवरं सुसाविया उ, दुन्नियच्छं वज्जयंति उ ॥23॥**

માટે જે વેષ વિકૃત હોય
કામોદ્દીપક હોય અને લઘુતા કરનાર હોય,
તેનો શ્રાવક બધી જ રીતે ત્યાગ કરે જ,
એમાં શું આશ્ચર્ય છે ?
શ્રાવિકા પણ જે કપડાં વેશ્યાને શોભે એવા હોય
એનો બધી રીતે ત્યાગ કરે જ.
સાથે સાથે
શ્રાવિકા એ પણ ધ્યાન રાખે
કે પૂર્ણ મર્યાદાવાળા કપડા પણ અસ્ત-વ્યસ્ત રીતે ન જ પહેર્યા હોય,
જાડો કંચુક વગેરે પણ તંગ-ચુસ્ત રહે
એ રીતે ન પહેર્યો હોય,
મોટું પણ ઉત્તરીય વસ્ત્ર કપાળ સહિત
માથું ઢંકાઇ જાય એમ જ પહેર્યું હોય.

**ललाटादि-आवारकमेव**

આભૂષણ પણ ઘડી ઘડી બધાનું ધ્યાન જાય

એ રીતે ન પહેર્યું હોય.

★

આ છે પ્રભુનું વિધાન
માનશો તો સુખી થશો.
નહીં માનો તો દુઃખી થશો.
બંનેની ગેરંટી છે.
બંનેમાં પૂરો ભરોસો રાખજો.
તમારી કપડાની પસંદગી એ હકીકતમાં
સુખની કે દુઃખની પણ પસંદગી છે.
લોકોના મોઢા જોઇને પસંદગી કરવી છે,
તો તમારું દુઃખી થવાનું નક્કી છે.
પ્રભુના મુખને જોઇને પસંદગી કરવી છે,
તો તમારું સુખી થવાનું નક્કી છે.
પસંદ, તમારી.
આગમોમાં વસ્ત્રોની બાબતમાં હજી એક મહત્ત્વની વાત કરી છે.
જે નારીની ઇચ્છા હોય કે મારે હરગીઝ શીલભ્રષ્ટ નથી થવું
મારે મારી પવિત્રતા હરગીઝ નથી ગુમાવવી.
એ નારી આટલા કપડાં તો પહેરે જ,
વધુમાં બહાર ન દેખાય એવા પણ અનેક વસ્ત્રો પહેરે.
એનું કારણ એ કે ક્યારેક જો એના પર હુમલો થાય,
તો કોઇ પણ વ્યક્તિ એને જલ્દીથી શીલભ્રષ્ટ ન કરી શકે,
એને વિલંબ થાય જ,
અને ત્યાં સુધીમાં એ નારીની રાડારાડથી શિષ્ટ લોકો ભેગા થઇ જાય,

અને પેલાને મારીને નારીની રક્ષા કરે,
જો વસ્ત્રો ઓછા હોય, તો લોકોના આવવા સુધીમાં
અનર્થ થઇ જાય.
એક તો વસ્ત્રો ય ઓછા,
એ પાછા ઉશ્કેરણી કરનારા,
સીધી/આડકતરી રીતે ઉઘાડા કરનારા,
તો એનો સીધો અર્થ એટલો જ છે કે
યા આપણે શીલભ્રષ્ટ છીએ
યા આપણને શીલભ્રષ્ટ થવામાં કોઇ જ વાંધો નથી.
આપણે એના માટે તૈયાર છીએ,
આપણે એ માટે ઉત્સુક છીએ,
આપણે ગમે તેટલો ઇન્કાર કરીએ,
આ વધુ પડતું કહેવાઇ રહ્યું છે, એવો બચાવ પણ કરીએ,
પણ આપણા કપડાં તો આ જ વાત પુરવાર કરી રહ્યા છે,
ને આવા કપડાંઓથી સતત આવી રહેલા
આવા પરિણામો જગજાહેર જ છે.
હું આવા કપડા ય પહેરીશ ને પવિત્ર પણ રહીશ,
એનો અર્થ એ છેકે હું આગમાં એન્ટર પણ થઇશ
અને બળીશ પણ નહીં.
આપણે ફક્ત જો આપણા પપ્પાના કે ભાઇના એ વિચારોને વાંચી
શકીએ,
જે આવા કપડાના કારણે ઉદ્ભવતા હોય છે.
તો બીજી કોઇ જ સમજાવટની જરૂર ન પડે,

આપણને આખી જિંદગીમાં કોઇ ઉપર ન આવ્યો હોય
એટલો ગુસ્સો આ કપડા પર આવે,
લોકો, જમાનો, ટ્રેન્ડ , ફેશન, મેનિયા, બધાં...
આ બધાં જ શબ્દોની ઐસી કી તૈસી કરીને
આપણે આપણા જ હાથે એ કપડાને કચરાટોપલીમાં નાંખી આવીએ
કે સળગાવીને હોળી કરી દઇએ
અને રડતી આંખે આજીવન એવા કપડાં ન પહેરવાની બાધા લઇ લઇએ.
સગા બાપ ને સગા ભાઇને ભ્રષ્ટ કરી દે,
સગા દાદાને છાપે ચડાવી દે
એ કપડા બીજા તો કોના મનને નહીં બગાડતા હોય ?
રોજે રોજ સેંકડો -હજારોને જે
કમ સે કમ માનસિક રીતે પણ શીલભ્રષ્ટ કરે
તે વ્યક્તિનું શીલ સલામત રહે
એ વાતમાં કોઇ માલ છે ?
ષટ્સ્થાનક પ્રકરણ કહે છે કે
એ વ્યક્તિ શીલભ્રષ્ટ એવું નથી,
એ શીલભ્રષ્ટ જ હોય છે,
કારણ કે શાસ્ત્રીય રીતે વિકૃત વેષ એ શીલભેદનો જ પ્રકાર છે.
જેમને 'શીલ'ની કોઇ વેલ્યુ જ નથી,
શીલભ્રષ્ટ થવું એ જેમના માટે એકદમ નોર્મલ છે.
જેઓ નાની ઉંમરથી જ મા-બાપથી જુદા રહે છે.
જેઓ એક ભવમાં ઠંડે કલેજે 500-1000 ભવ કરી દે છે,

જેમણે કોઇના ધર્મપત્ની બનવાનું હોતું નથી,
જેઓ લગ્ન કરે પણ, તો ય એ એક નાટક હોય છે,
જેમણે ફેમિલી લાઇફ એન્જોય કરવાની નથી હોતી,
જેમણે જિંદગીનાં ફૂલને ખીલતા પહેલા જ
ચૂંથી નાંખ્યું હોય છે,
ટેન્શન, ડિપ્રેશન, પાગલપણું, હૃદયરોગ, અસલામતી, હાડમારી,
નશીલા પદાર્થનું સેવન અને એક ડોગી
આ બધાને જ જેમણે ફેમિલી મેમ્બર બનાવવાના હોય છે,
વેસ્ટર્ન / વિકારી / વિકૃત ડ્રેસ એમના કપડા હોય છે,
આપણા નહીં,
આપણી સંસ્કૃતિ - સભ્યતા -વિચાર- સમાજ - ધર્મ - પરિવાર
એકે ય સાથે તો એનો મેળ નથી જ,
સુખ સાથે ય એનો મેળ નથી,
તો આપણે દેખાદેખીમાં ચડીને
શા માટે એવા કપડાના રવાડે ચડવું ?
પૂ.જિનેશ્વરસૂરિ મહારાજનાં શબ્દો ફરી યાદ આવે
**परिहाणं हवइ वेसाणं।**
બહેન !
આ વેશ્યાના કપડાં છે,
તારા નહીં,

★★★

પરમ તારક પરમ શ્રદ્ધેય શ્રી જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્